# ચન્દ્રકાન્ત શેઠની કવિતામાં ભાષાકર્મ

ડૉ.પ્રો.હરેશકુમાર એમ.ગોળ
ગુજ.વિભાગ,
શ્રી યુ.એચ.ચૌધરી આર્ટસ કોલેજ,
વડગામ, જિ-બ.કાં

ગુજરાતી ભાષા, સાહિત્યમાં તેમ રોજ-બરોજના વ્યવહારોમાં એમ બંને રીતે પ્રયોજાય છે. સામાજિક વ્યવહારોમાં પ્રયોજાતિ આ ભાષાના વળી અનેક ભેદ જોવા મળે છે. જેમાં સામાજિકભેદ, સાંસ્કૃતિકભેદ. ભાષાનું કામ એક ઔપચારિકતાનું છે. સાહિત્યમાં વપરાતી ભાષા આ અર્થમાં જુદી પડે છે. સાહિત્ય અને વ્યવહાર એમ બંનેમાં પ્રયોજાતી ભાષા એકજ છે. માત્ર તેનો ઉપયોગ કઇ રીતે થાય છેં તે પ્રમાણે તે બંને ક્ષેત્રમાં પ્રવેશ કરે છે. રોજબરોજના વ્યવહારમાં સામાન્ય માણસ કહેવત, રૂઢિપ્રયોગ નો ઉપયોગ કરે છે. તેમાં ભાષની, શબ્દની શક્તિ પ્રગટે છે છતાં સાહિત્યની, કાવ્યની ભાષા અલગ પડે છે. કાવ્યમાં કવિસંવેદનને વ્યકત કરવા માટે વ્યવહારની ભાષાના શબ્દો કામ કરવા માટે સૂક્ષ્મ નથી હોતા. શબ્દોને સ્થળમાંથી સૂક્ષ્મ બનાવવા પડે છે. શબ્દોને ધારદાર બનાવવા કવિ તેની અભિવ્યક્તિક્ષમતાનો પુરે પુરો કસ કાઢે છે. પરંપરા ઢબથી રચાતી શબ્દોની આ કેડી એક રાજમાર્ગ બની ચૂકી હોય છે. કવિએ નવીન કેડી કંડારી પોતાના ભાવસંવેદનને શબ્દો દ્વારા મૂકી આપવવું પડે છે. ખરબચડા શબ્દોને કલાઘાટ આપવા માટે સમારવા પડે, ગાળવા પડે, અને સૂક્ષ્મ બનાવવા પડે છે જે કે કવિતામાં આવતો આ શબ્દ મનુષ્યજાતિની ઉત્પતિથી લઇ આજના વિકસિતયુગ સુધીમાં પરંપરાના અનેક વળગણો લઇને ચાલે છે. આવી અસરોમાંથી શબ્દને કવિએ ગાળવો પડે છે. કવિ આવા સૂક્ષ્મ શબ્દને પોતાના ભાવસંવેદન સાથે જોડી કાવ્યરૂપે કવિચિતને અવતરવા દે છે.

ભારતીય અને પ્રાશ્ચાત્યમીમાંસામાં શબ્દ અને અર્થની ઘણી ચર્ચાઓ થયેલી છે. ભારતીયમીમાંસામાં શબ્દ સાથે અર્થને જોડી સૌ પ્રથમ ભામહે ચર્ચા કરી છે.

**शब्दार्थो सहितम काव्यम ।**

શબ્દ અને અર્થના સહિતત્વથી કાવ્ય સર્જાય છે. બંને પરસ્પર એકબીજાની સ્પર્ધાકરતા માલુમ પડે છે. જગન્નાથે રીતિવિચાર ગ્રંથમાં કહ્યુ છે કે **रमणीयार्थ प्रतिपादक शव्दम काव्यम।** અર્થાત્, રમણીય અર્થનું પ્રતિપાદન કરનારો શબ્દ તે કાવ્ય. કુંતકે **व्रक्रोकतिजिवितम** ગ્રંથમાં આ પ્રમાણે કહ્યું છે :

આમ શબ્દો પ્રયોજવાની કવિની શક્તિ અન્ય કાવ્યઓજારો સાથેની તેની કામ કરાવવાની પધ્ધતિ તેના બંધને વ્યવસ્થિત કરી તદવિદોને આલ્હાદ કરાવે છે. એવા વ્રક

વ્યવારને કુંતકે પ્રસ્થાપિત કર્યો છે. પ્રાશ્ચાત્યમીમાંસામાં કોલરીજે કવિતાને 'Best words in the best order' કહી શબ્દને પ્રયોજવા તથા શબ્દની સુંદરતા પર ભાર મુકયો છે.

આધુનિક ગુજરાતી કવિ સુરેશજોષીએ કવિના સંવેદનજગત સાથે જોડાયેલા આ શબ્દ વિશે કાવ્યચર્ચા ના વિવેચનપુસ્તકમાં નોધ્યું છે કે:"કાવ્ય એટલે ભાષાની અભિવ્યક્તિનો સમર્થ આવિષ્કાર, આવી શક્તિના આવિષ્કાર માટે શબ્દને એના રૂઢ, શબ્દકોશમાં આપેલા અર્થથી મુક્ત કરીને કાવ્યમાં એવો સંપૂર્ણ સંદર્ભ રચીને પ્રયોજવો કે જેથી એની બધી સંભાવ્ય ધોતના પ્રકટ થઇ શકે. પછી શબ્દનો કોઇ જડ નિશ્ચિત અર્થ રહે નહીં." (પૃ. ૧૯૮)

શબ્દને એની પરંપરાગત રચનાથી અલગ મૂકી શબ્દશક્તિનો વિચાર શબ્દની અંદર રહેલી અપાર અભિવ્યક્તિક્ષમતાને ચકાસે છે. શબ્દનો મૂળ અર્થ અને તેમાંથી થયેલો અર્થવિસ્તાર સાધે છે. છતાં તેનું સંધાન મૂળ સાથે પુરેપૂરૂં કપાતું નથી. કાવ્યમાં કયારેક શબ્દની આ સમૃદ્ધ શક્તિનો એવો લાક્ષણિક પ્રયોગ થાય છે કે તેના મૂળ અર્થને આપણે ભૂલી જઇ નવો અર્થ પામતા હોય તેવું અનુભવાય છે. ટી. એસ. એલિયટ પરંપરા અને પ્રયોગ નિબંધ દ્વારા આજ વાત કરી છે.

ગુજરાતી કાવ્યવિશ્વમાં ડોકિયું કરવા માટે સૌ પ્રથમ શબ્દ પાસે જવું પડે છે. શબ્દના હાથવગા સાધન વડે કવિએ કંડારેલુ કાવ્યશિલ્પ આસ્વાદક બને છે. શબ્દ સાથે કેવી રીતે કામ લેવું એ માટે કવિચિત મથામણ કરે છે. ઘણીવાર આ શબ્દ કવિને છેતરે પણ છે. અને ગૂંચવે પણ છે. કવિએ જાતે એક નવી કેડી કંડારવાની અને તેના પર ચાલવાનું છે. રાજેન્દ્ર શાહે 'નિરુદેશ' માં કહ્યું છે. તેમ સભાનતા સાથેનું મુગ્ધભ્રમણ નવી કડી કંડારે છે. શબ્દને અંગો છે. જેમાં છંદ, પ્રાસ, અલંકાર, પ્રતીક કે પ્રતિરૂપ, કલ્પન, પુરાકલ્પન વગેરેનો ઉપયોગ કરી કવિતામાં ભાષાકર્મ કરે છે. કવિતામાં કવિસંવેદનનો આરોહ-અવરોહ લઘુ-ગુરુના આવર્તન દ્વારા થાય છે. પ્રાસ-અનુપ્રાસ કે અંત્યાનુંપ્રાસ દ્વારા ભાષાકર્મ, અલંકાર અને પ્રતીક દ્વારા ભાષાકર્મ, કલ્પન અને પુરાકલ્પન દ્વારા ભાષાકર્મ અને અનેક રીતે ભાષાકર્મનું આ કામ કવિતામાં થાય છે.

એક પ્રતિભાશાળી કવિએ ઉપજાવેલી કાવ્યબાનીની અસર તેના સમસ્તયુગ પર પડે છે. ગુજરાતી કવિતામાં આવો પ્રભાવ ગાંધીયુગમાં સુન્દરમ્ – ઉમાશંકરનો છે. તો અનુગાંધીયુગના કવિઓનો આધુનિક કવિઓ પર પણ છે આવી અસર તળે રચાયેલી કવિતાને કવિતા કહીશકાય ? કવિ અમૂર્ત એવા ભાવ સંવેદનને મૂર્ત કરવા શબ્દ શોધતો થાય ત્યાંથી જ એની સર્જનપ્રક્રિયાનો આરંભ થાય છે.

(આધુનિક કવિતામાં ભાષાકર્મ પૃ. ૧૭)

ચંદ્રકાન્ત શેઠની કવિતામાં ભાષાકર્મને તપાસતાં સૌ પ્રથમ વિષય અને રચનારીતિનું નાવીન્ય ધ્યાનાર્હ બને છે. પ્રથમ કાવ્ય સંગ્રહ 'પવનરૂપેરી' ૧૯૭૨ માં આપ્યો છે.

આ કાવ્યસંગ્રહની કેટલીક પ્રયોગશીલ કાવ્યરચનાઓ જોતાં તેમની કવનપ્રવૃતિનો નૂતન વળાંક જોઇ શકાય છે. કયાં છો ચંદ્રકાન્ત ? મન ખવાતું જાય છે. શોધ, રસ્તો કયાં છે ? ચંદ્રકાન્તનો ભાંગીને ભુક્કો કરીએ ? વગેરે કાવ્યો એક કરતાં વધારે કારણોસર શુદ્ધ આધુનિક કવિતાની મુદ્રા દાખવે છે. 'કયાં છો ચંદ્રકાન્ત' કાવ્યમાં મનુષ્ય માત્રના સ્વની શોધનો એકસ-રે લેવાયેલો જોઇ શકાય છે. કયાં છો ? નો પ્રભાવક સૂર અને ચંદ્રકાન્ત કોણ ? – એ પ્રશ્ન સાચી ઓળખ ગુમાવી બેઠેલા મનુષ્યની તીવ્ર વેદનાનો સંકેત કરે છે. ભાવપ્રતીકો યોજવાની કવિની કુશળતા આ રીતે છે.

મન ખવાતુ જાય છે......
સૂર્ય આંખો ઘસતો જાય છે,
મન ખવાતું જાય છે.......
પ્રત્યેક પલ આ ટાકંણીની જેમ ભોંકાતી જતી,
વાટ ઉંડી શૂન્યતાનો શેરડો પાડી જાતી,
હાથ બે મળતાં વાચાળે બરફ બસ પીગળી રહ્યો,
ચાર આંખે બદ્ધ અવકાશે હવે તો
ચંદ્ર કોઇ હાડ હાડ ગળી રહ્યો !
મન ખવાતું જાય છે : (પૃ. ૫)

કવિએ પોતાની વિટંબણાઓ પીડાઓ અને પોતાના પ્રત્યે થતી અવહેલનાઓને કવિએ પ્રતીકો : સૂર્ય, ચંદ્ર, ટાંકણી, બરફ વગેરે દ્વારા પ્રકટ કરી છે.

'ઉઘડતી દીવાલો' (૧૯૭૪) કાવ્યસંગ્રહમાં કવિતા વિશે પોતાની વિભાવનાને પ્રકટ કરતાં કહે છે કે જૂનું બધું જ ફેંકી દઇને નવું પ્રકટ કરવાની ચંદ્રકાન્ત શેઠ કહ છે !

'છંદની છ હજાર વર્ષ જૂની ચાલથી
ઓગણીસો ચુમ્મોતેરને કેમ ચલાવવો ?'
(કક્કાજીની અ – કવિતા પૃ. ૧)

પરંપરાની છંદની આ ચાલ છ હજાર વર્ષ પુરાણી છે તે હવે આજના યુગમાં ચાલશે નહી. આગળ અમદાવાદ વિશેના કાવ્યમાં ગૌરવપૂર્વક કહે છે :

અમદાવાદ મારા પગલામાં, મારા ગજવામાં,
મારી આંખમાં, મારા શબ્દોમાં,
(પૃ. ૭૭)

નવા પરિમાણો અને નૂતન અભિવ્યક્તિ પ્રગટ કરે છે. 'પડઘાની પેલેપાર' (૧૯૮૭) માં વસ્તુલક્ષીતાને સ્થાને એક નવીન સ્વરૂપનું વલણ જોવા મળે છે. અતીતમાંથી વર્તમાનની ક્ષણો

વચ્ચે આવ્યા પછી શૂન્યતાનો અનુભવ કરતાં કહે છે. શૂન્યની નજરથી ફેલાતું વર્તુળ, ફેલાતું ત્યારે ચારેકોર એકલતાનું (પૃ. ૦૨) એમ એકલતા અનુભવતા પીડા પણ અનુભવે છે. પ્રેમમાંય રંગોનું સ્થાન શોધનાર આ કવિ કહે છે. :

'પણ અમારી સરહદોમાં તો છે નર્યા કાંટા ફ્હાડ,
કંઇ કાળથી ડરીએ છીએ પ્રતીક્ષા કોઇક પ્રેમ.
નમી જણની
પણ નિષ્ફળ' (પૃ. ૧૭)

એકલતા સાથે વિકળતાની અનુભૂતિ પણ કવિ કરે છે. માનવીની વેદનાનો વાસ્તવિક અંદાજ પ્રકટ કરે છે.

'ગગન ખોલતી બારી' (૧૯૯૦) ગુજરાતી ગીતકવિતામાં એક નવી જ ચલના જોવા મળે છે. છંદ-સફાઇની જેમ એમનાં ગીતોમાં લયની સફાઇ ધ્યાન ખેંચે છે. એમાં કલ્પના અલંકારાદિનો વૈભવ અભિવ્યક્તિને તાજગી આપે છે. પ્રણય, પ્રકૃતિ, આધ્યાત્મ, આત્મચિંતન – આવા મહત્વના વિષયને સહજતયા લીલયા પણ તેઆ ગીતમાં મૂકી આપે છે. :

‘બેડાને ઝાઝું અજવાળ ના !
જોનારો જોશે લી કંચનની કાયાને
પિતળમાં જીવ તું લગાડ ના.’
(પૃ. ૧૨૧)

કવિ ગીતના લય, બાની, ભાષા, અર્થ, કલ્પના, કલ્પન, પ્રતીક, અભિવ્યક્તિની સહજતા, તળપદી પદાવલી દ્વારા વર્ણમાધુર્ય, ચિત્રાત્મકતા, શબ્દ સૌંદર્ય અને નાદતત્વનો સમુચિત ઉપયોગ કરવામાં વિશેષ ધ્યાન રાખે છે. ‘શગે એક ઝળહળીએ' (૧૯૯૯) કાવ્યસંગ્રહમાં ગીત, અછાંદસ રચનાઓ અને ગઝલો નો સમાવેશ કરેલો છે. 'કવિતા' સામયિકના ઓકટોબર, ૧૯૯૮ ના અંકમાં આ ૫૧ રચનાઓને એક સાથે પ્રકટ કરવામાં આવી હતી. દરિયાનું કલ્પન આ રીતે પ્રયોજયું છે :

‘ઉંડે થાય ઉંડાણ !
જયાં દેખું ત્યાં દરિયા દરિયા !
જયાં પગલાં ત્યાં ફ્હાડ !’
(પૃ. ૧)

ગંગા તો જળથી છલોછલ, એ કેટલાય લોકોની તરસ સંતોષે પણ ગંગા હંમેશા તરસી રહે છે. તરસને તરસ તરીકે સ્વકારીને કહે છે.

મને તારી મનપસંદ ધરતીમાં એકલતા રહી,
મૂંગાં મૂંગાં
તારા માટે ઝૂરવાનું ગમશે ! (પૃ. ૩૮)

'ઉંડાણમાંથી આવે, ઉંચાણમાં લઇ જાય'....(૨૦૦૪) ગીતસંગ્રહ છે. ઇશ્વરની આરાધનાનો ઇશારો પ્રથમ ગીતમાં જ છે.

'હું તો કેમ રે તેડાવું
ને કેમ રે પધરાવું ઝળહળ જયોતને
માટીના મારા કેડિયે ?'
(પૃ. ૦૧)

કવિએ અહીં ભજનનો લય પસંદ કર્યો છે અને ભક્તિનો ભાવ સાથે ભાવકનો આર્તનાદ પણ પ્રગટે છે. માટીનું કોડિયું આત્મારૂપી ઝળહળ જયોત, આ જયોતને આત્મજ્ઞાન સાથે સરખાવી છે. ઇશ્વરની શોધ કરતા આ કવિ ઇશ્વરને બોલાવે છે અને કહે છે : તારા વગર આ જીવનના તાર સંધાતા નથી પછી એ તારમાંથી સૂર કયાંથી છેડાય ? જીવનના તારે તાર તૂટી ગયા છે એ તારને સાંધવાની કોશિષ કવિ કરે છે પણ એને એ પ્રાપ્ત કરી શકતા નથી (પૃ. ૯) અહીં અંદ્રકાન્ત શેઠની અનુભૂતિપરક કાવ્યનિર્મિતિ પ્રગટતી જોઇ શકાય છે.

'જળ વાદળ ને વીજ' (૨૦૦૫) માં અછાંદસ્ અને દીર્ઘકાવ્યો છે. વાદળ ઘેરાયાં છે, વીજળીઓ ચમકયાં કરે છે. અને જળની ફરફર-એનાં ફોરાં હવે ભીંજવી રહ્યાં છે ત્યારે જ થોડાં ફોરાં લઇને પ્રગટ થતા કવિ ચંદ્રકાન્ત શેઠ કહે છે :

'આમ તો હું બોલું નહીં,
તોય મને સંભળાય બોલ્યે જતુ મારા મહીં કાવ્ય,'

એમ કહેનાર આ કવિનો નિરાશા અને છિન્નભિન્નતાનો ભાવ પણ સંભળાય છે :

'શબ્દ પેટાવવા જતાં જ
હોલવાઇ જાય છે એનો અર્થ.' (પૃ. ૨૨)

કાવ્યમાં અર્થને ન પામતા કવિ ઇચ્છાઓ, એષણાઓ અને જિજીવિષા એ બધુંજ અધુરૂં રહી ગયેલું અનુભવે છે.

'ભીની હવા, ભીના શ્વાસ' (૨૦૦૮) અછાંદસ કાવ્યરચનાઓનો સંચય છે. જુદાજુદા સામયિકોમાં પ્રકાશિત થયેલી આ કાવ્યરચનાઓમાં અતીતનો ઉઘાડ કરતાં પ્રથમ કાવ્યમાં કહે છે કે આકાશ અને દરવાજો બંધ છે. મૌનના મધપૂડા મધવિહોણા થયા છે. ત્યારે મારી અસલિયત મને પૂછે છે :

'થોરિયાને સાચવતું
કોઇ ઘર જોયું છે ખરું ?
ને હું ખડી પડું છું મારા જ ખોડીબારામાં !'

(પૃ. ૧)

અંદરને બહાર જોતાં કવિ પોતાની ઘડીયાળના લોલક જેવી સ્થિતિ અનુભવે છે. આધુનિક કવિતાનો સૂર આ કાવ્યસંગ્રહની કવિતામાં પ્રગટે છે : કવિ ચંદ્રકાન્ત શેઠની સમગ્ર કવિતા પરંપરા અને આધુનિકતા એમ બંને કિનારોને સ્પર્શે છે. સ્વાતંત્ર્યોતર આધુનિક ગુજરાતી કવિતા ઓછી પરંપરાગત અને વધુ પ્રયોગશીલ રહી છે. ચંદ્રકાન્ત શેઠની કવિતામાં ભાષાકર્મ ની બાબતે નવીનતા જોવા મળે છે.

**પાદનોંધ :-**

(૧) 'રતિવિચાર' :- આનંદવર્ધન
(૨) 'કાવ્યચર્ચા' :- પૃ. ૧૯૮
(૩) 'આધુનિક કવિતામાં ભાષાકર્મ' :- સતિશ વ્યાસ (પૃ. ૧૭)
(૪) 'પવન રૂપેરી' :- ૧૯૭૨
(૫) 'ઉંઘડતી દીવાલો' :- ૧૯૭૪
(૬) 'પડઘાની પેલે પાર' :- ૧૯૮૭
(૭) 'ગગન ખોલતી બારી' :- ૧૯૯૦
(૮) 'શગે એક ઝળહળીએ' :- ૧૯૯૯
(૯) 'ઉંડાણમાંથી આવે ઉંચાણમાં જાય' :- ૨૦૦૪
(૧૦) 'જળ વાદળ ને વીજ' :- ૨૦૦૫